ગ્રામ પંચાયત હેઠળ જૈવ વિવિધતા
વ્યવસ્થાપન સમિતિ(BMC)ની
રચના કરવા બાબત

**ગુજરાત સરકાર**
**વન અને પર્યાવરણ વિભાગ**
**ઠરાવ ક્રમાંક: વપસ/૧૦૨૦૧૮/એસ.એફ.-૦૨/ડબલ્યુ**
**સચિવાલય, ગાંધીનગર**
**તા.૨૬/૦૪/૨૦૧૮**

**વંચાણે લીધા:-**

૧. ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩
૨. જૈવ વિવિધતા અધિનિયમ, ૨૦૦૨
૩. જૈવ વિવિધતા નિયમો, ૨૦૦૪
૪. ગુજરાત જૈવ વિવિધતા નિયમો, ૨૦૧૦
૫. ગુજરાત બાયોડાયવર્સીટી બોર્ડની સિંગલ ફાઈલ ક્રમાંક: GBB-BMC-૬૭૦-૨૦૧૭-૧૮, તા.૩૦.૦૧.૧૮
૬. સરખા ક્રમાંકની ફાઈલ પરની સરકારશ્રીની મંજુરી

**આમુખ:-**

ભારત સરકાર દ્વારા જૈવ વિવિધતાના સંરક્ષણ અને સાતત્યપૂર્ણ ઉપયોગ માટે જૈવ વિવિધતા અધિનિયમ, ૨૦૦૨ની કલમ ૪૧(૧) હેઠળ દરેક સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાના કાર્યક્ષેત્રમાં જૈવ વિવિધતા વ્યવસ્થાપન સમિતિ (Biodiversity Management Committee)ની રચના કરવા જોગવાઈ કરેલ છે. ત્યારબાદ જૈવ વિવિધતા નિયમો, ૨૦૦૪ ના નિયમ ૨૨ હેઠળ જૈવ વિવિધતા વ્યવસ્થાપન સમિતિની રચના કરવા માટેના નિયમો ઘડેલ છે. આ સમિતિના નાણાંકીય વ્યવહાર વ્યવસ્થિત રીતે થાય તે હેતુસર દરેક સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા હેઠળ સ્થાનિક જૈવ વિવિધતા ફંડ (Local Biodiversity Fund)નું જુદુ ખાતું ખોલવા તેમજ તેના નાણાકીય વ્યવહાર અંગેની કેટલીક જોગવાઈઓ જૈવ વિવિધતા અધિનિયમ, ૨૦૦૨ની કલમ ૪૨ થી ૪૭ તથા ગુજરાત જૈવ વિવિધતા નિયમો, ૨૦૧૦ના નિયમ ૨૨ હેઠળ કરેલ છે. જેથી આ ઉપરોક્ત કાયદાકીય જોગવાઈના અસરકારક અમલ માટે ગુજરાત રાજ્યની દરેક ગ્રામ પંચાયત હેઠળ જૈવ વિવિધતા વ્યવસ્થાપન સમિતિ (Biodiversity Management Committee)ની રચના કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે દરેક ગ્રામ પંચાયત હેઠળ જૈવ વિવિધતા વ્યવસ્થાપન સમિતિ રચવા નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

## ઠરાવ

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ-૯૨(૪) હેઠળ રાજ્ય સરકારની પૂર્વ મંજુરીથી ગ્રામ પંચાયત કોઈપણ ખાસ હેતુ માટેની સમિતિ સ્થાપિત કરી શકે છે. જેથી આ જોગવાઈને અનુરૂપ દરેક ગ્રામ પંચાયત હેઠળ જૈવ વિવિધતા વ્યવસ્થાપન સમિતિ (Biodiversity Management Committee)ની રચના કરવા માટે સરકારશ્રીની આથી મંજુરી આપવામાં આવે છે.

આ સમિતિની રચના, કાર્યો અને ફરજો જૈવ વિવિધતા અધિનિયમ, ૨૦૦૨ની કલમ ૪૧ અને જૈવ વિવિધતા નિયમો, ૨૦૦૪ના નિયમ ૨૨ મુજબ રહેશે. તથા સ્થાનિક જૈવ વિવિધતા ફંડ(Local Biodiversity Fund)ની રચના જૈવ વિવિધતા અધિનિયમ, ૨૦૦૨ની કલમ ૪૩ અને ગુજરાત જૈવ વિવિધતા નિયમો ૨૦૧૦ના નિયમ ૨૨(૧) મુજબ કરવાની રહેશે તથા તેનું વ્યવસ્થાપન જૈવ વિવિધતા અધિનિયમ, ૨૦૦૨ની કલમ ૪૨ થી ૪૭ અને ગુજરાત જૈવ વિવિધતા નિયમો, ૨૦૧૦ના નિયમ ૨૨ મુજબ કરવાનું રહેશે. આ સમિતિઓની રચના કરાવવા તથા તેને જરૂરી નાણાકીય ફંડ આપવાની તમામ સત્તાઓ આથી ગુજરાત બાયોડાયવર્સીટી બોર્ડને આપવામાં આવે છે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની તા.૧૫/૦૩/૨૦૧૮ની નોંધથી મળેલ મંજુરી અન્વયે કરવામાં આવે છે.

માનનીય રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પ્રદીપ સિંહ)
સંયુક્ત સચિવ
વન અને પર્યાવરણ વિભાગ

**પ્રતિ**

સર્વે ગ્રામ પંચાયત (ચેરમેનશ્રી, ગુજરાત જૈવ વિવિધતા બોર્ડ મારફતે)

**નકલ સવિનય રવાના:**

- માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી(વન)ના અંગત સચિવશ્રી, સચિવાલય ,ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(વન)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(પંચાયત)(સ્વતંત્ર હવાલો)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રીના અંગત સચિવશ્રી, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રીના અંગત સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગર
- અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી(HOFF), ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી(WL), ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- ચેરમેનશ્રી, ગુજરાત જૈવ વિવિધતા બોર્ડ, અરણ્ય ભવન, ગાંધીનગર
- સભ્યસચિવશ્રી, ગુજરાત જૈવવિવિધતા બોર્ડ, અરણ્ય ભવન, ગાંધીનગર
- સીસ્ટમ મેનેજર – વન અને પર્યાવરણવિભાગ – IWDMS પર મૂકવા માટે.
- સીલેકટ ફાઈલ